PHONES : 220228,230068, 230808
MOBILE : 9428518890, 9427621777
WhatsApp : 9624630066,9104579531-32
E-mail : dptco123@gmail.com
dpbros123@gmai.com
Website: : https://www.dpthakker.com

D.P. THAKKER & CO.
TAX CONSULTANTS
"SHREEKUNJ", STATION ROAD,
PATAN (N.G.) 384265

તારીખ: ૧૧/૦૩/૨૦૨૬

# ફેબ્રુઆરી/માર્ચ-૨૬ ના GSTR-3B રીટર્ન ભરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

ભાઈશ્રી,

(૧) વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન દુકાન ભાડું, વખાર ભાડું, કોલ્ડ સ્ટોરેજ ભાડું, ઓફીસ ભાડું, ફેક્ટરી ભાડું વીગેરે ભાડું ચૂકવેલ હોય તો અથવા ભાડાનો હવાલો પાડેલ હોય તો તે રકમ પર ૧૮% (CGST ૯% + SGST ૯%) RCM ભરેલ ન હોય તો ફેબ્રુઆરી/માર્ચના 3B રીટર્ન માં ભરી દેવો જોઈએ. પરંતુ જેને ભાડું ચુકવવામાં આવે તે GST માં રજીસ્ટર્ડ થયેલ વેપારી હોય તો તે તમને ભાડાના ઈનવોઇસ માં 18% GST લગાડીને ઈન્વોઇસ આપશે એટલે પછી તમારે RCM ભરવાનો રહેશે નહિ.

- જે વેપારી GST માં લમ્પસમ પરમીશન ધરાવતા હોય તેમને ભાડા ઉપર RCM ભરવાપાત્ર થશે નહીં.

(૨) સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં ચૂકવેલ એડ્વોકેટ (વકીલ ફી), સિક્યુરીટી સર્વિસ ને આપેલ રકમ, ટ્રાન્સપોર્ટ ભાડું, ખેડૂત પાસેથી ખરીદ કરેલ કાલા-કપાસ, ગવર્મેન્ટ માં ચૂકવેલ રોયલ્ટી, ટેન્ડર ફી વીગેરે નો RCM ભરેલ ન હોય તો ફેબ્રુઆરી/માર્ચ માસના GSTR-3B ના રીટર્ન માં RCM ભરી દેવો જોઈએ.

(૩) વર્ષ દરમિયાન જે વેપારી પાસેથી માલ કે સર્વીસ લીધી હોય અને તેનો GST ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ માંગેલ હોય તેવા વેપારીઓને બીલ ની રકમ નું પેમેન્ટ ખરીદ તારીખથી (૧૮૦) દિવસમાં કરવામાં ન આવે તો તેવી ખરીદી ઉપર ચૂકવેલ GST ની ઈનપુટ ટેક્ષક્રેડીટ ઘટાડવાની થાય તથા સદર ઈનપુટ ટેક્ષક્રેડીટ વ્યાજ સાથે ભરવાની થાય અને જયારે સદર ખરીદી નું પેમેન્ટ GST સાથે ચુકવવામાં આવે ત્યારે ફરીથી ઈનપુટ ટેક્ષક્રેડીટ (ફક્ત વ્યાજ વગરની રકમ) ક્લેઈમ કરી શકાશે.

આથી જે ખરીદી નું પેમેન્ટ વેચનાર વેપારી ને (૧૮૦) દિવસ થી વધારે સમયથી બાકી હોય તેવું પેમેન્ટ કરી દેવું જોઈએ. અથવા તો જે પેમેન્ટ બાકી હોય તેની જાણ અમને કરશો. જેથી આવા બાકી પેમેન્ટની ITC 3B રીટર્નમાં ઘટાડી શકાય અને જયારે આવું પેમેન્ટ કરવામાં આવે ત્યારે ફરીથી 3B રીટર્નમાં ITC ક્લેઈમ કરી શકાય.

(૪) સને ૨૦૨૫-૨૬ માં ચોપડા મુજબ તથા 3B માં માંગેલ ITC તથા ONLINE 2B માં આવતી ક્રેડિટ ચેક કરી લેશો. જો કોઈ ITC માંગવાની રહી ગયેલ હોય તો ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૫ ના 3B રીટર્ન માં માંગી શકાય. જો કોઈ ITC GSTR-2B માં દેખાતી હોય તેના કરતા વધારે મંગાયેલ હોય તો ફેબ્રુઆરી / માર્ચ ના 3B રીટર્ન માં ઘટાડી શકાય. એટલે આવી મીસમેચ ITC ની વિગત અમને મોકલવી અને ફોન થી વાત કરવી.

(૫) સને ૨૦૨૫-૨૬ ના ખરીદ વેચાણના વાર્ષિક આંકડા તથા વર્ષ દરમિયાન ભરવાપાત્ર આઉટપુટ GST તથા ઈનપુટ ITC સાથે મોકલશો. જેથી વાર્ષિક આંકડા ચેક કરીને માર્ચ-૨૬ નું GSTR-3B રીટર્ન ભરી શકાય.

(૬) જો તમારી પેઢી નું ટર્નઓવર ૦૧/૦૭/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં કોઈપણ વર્ષમાં ૫ કરોડ થી વધેલ હોય તો ૦૧/૦૪/૨૦૨૬ થી E-INVOICE બનાવવી ફરજીયાત છે.

(૭) સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં કોઈ ITC માંગવાની રહી ગયેલ હોય કે CGST & SGST ને બદલે IGST માં ITC માંગેલ હોય. કે તેનાથી ઉલટું થયેલ હોય તો અમને જાણ કરવી. જેથી ઓનલાઈન -2B/2A માં જે મુજબ ITC બોલતી હોય તે મુજબ GSTR-3B માં મેચ કરી શકાય.

(૮) સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં કોઈ ITC વધુ માંગેલ હોય કે ITC ઓનલાઈન- 2B/2A માં SHOW થતી નહોય તો તેવી ITC ઘટાડવી પડે. જેની અમને જાણ કરવી જેથી તેવી ITC ઘટાડી શકાય.

(૯) સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં વેચાણમાં કોઈ ભુલ હોય એટલે કે વેચાણ બીલ નંબર સુધારવાનો હોય, બીલ ની રકમ સુધારવાની હોય, વેચાણ બતાવવાનું રહી ગયેલ હોય, કે જેનું વેચાણ બતાવેલ હોય તે પાર્ટી નો GST નંબર ખોટો લખાઈ ગયેલ હોય, કે કોઈ બીલ B2B ના બદલે B2CS માં લેવાઈ ગયેલ હોય તો અમને જાણ કરશો. જેથી MARCH ના GSTR-1 માં તે પ્રમાણે ફેરફાર કરી શકાય.

D.P. THAKKER & CO.

(૧૦) સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં વેચાણની ઈસ્યુ કરેલ ક્રેડિટ નોટ - ડેબિટ નોટ જો GSTR-1 માં દર્શાવવાની રહી ગયેલ હોય તો માર્ચ માસના GSTR-1 માં તે દર્શાવી શકાય. ક્રેડિટ નોટ GSTR-1 માં દર્શાવેલ હશે તોજ તે ભરવાપાત્ર GST વેરા માંથી બાદ મળી શકશે.

(૯) વર્ષ દરમિયાન GSTR-3B તથા GSTR-1 માં વેચાણ દર્શાવવામાં કોઈ ભૂલ થયેલ હોય કે GSTR-1 માં કોઈ ફેરફાર કરવાનો હોય તો માર્ચ-૨૬ ના પત્રક માં સુધારો-વધારો કરવાનો હોય તો જણાવશો. જેથી માર્ચ મહિનામાં GSTR-3B તથા GSTR-1 માં તે પ્રમાણે કરી શકાશે. જેથી વાર્ષિક આંકડા સાથે તે મેચ થઈ શકે.

(૧૦) જો ખરીદીની ક્રેડિટ નોટ આવેલ હોય અને તેનો ઈનપુટ ટેક્ષ GSTR-3B માં ઘટાડેલ નહોય તો માર્ચ મહિનામાં ખરીદીની ITC માંથી તે ઘટાડવો પડે. આવી કોઈ ખરીદીની ક્રેડિટ નોટ ની ITC ઘટાડવાની હોય તો અમને જાણ કરશો અને તેમ જો આ ક્રેડીટનોટ સામે ડેબીટનોટ ન બનાવી હોય તો તુરંત બનાવી દેવી.

કુશળ હશો.

લી.

ધીરૂભાઈ - કનુભાઈ-પિયુષભાઈ-નિખિલભાઈ

D.P.THAKKER & CO.